قُل امر رَبِّي بِالقِسطِ و اقِيمُوا وُجُوهَكُم
عِندَ كُلِّ مَسجِدٍ وادعُوهُ مُخلِصِينَ
لهُ الدِّينَ كَمَا بدأكُم تَعُودُونَ

અહકામે મસજીદ.

એટલે

મસજીદના મસાએલ.

છપાવી પ્રગટ કરનાર.

ગુલામરસુલ હાજી રમજાન હાશમ.

ખારાધર—કરાંચી.

મનોહર પ્રેસમાં નરભેશંકર જે. દવેએ છાપ્યા,

બંદર રોડ. કરાંચી.

بسم الله الرحمن الرحيم

الحمد لله رب العالمين والعاقبة للمتقين والصلاة والسلام على محمد واله الطيبين الطاهرين صلواة الله وسلامه عليهم اجمعين۔

બિસમિલ્લાહ હીર રહમા નિર રહીમ.

સર્વે ભાઇઓને ખીઝમતમાં અરજ કે અલ્લ હમદો લીલ્લાહ ખુદાની મહેરબાનીથી કરાચીનાં ખોજાઓની આપણી મસજીદ હમણા તૈયાર થવા આવી છે. પણ કેટલાક મસાએલ અને અહકામ જે મસજીદ સાથે સંબંધ રાખે છે, તેઓથી વખતે કેટલાક અમારા ભાઇઓ વાકેફ નહી હોય જેથી તેઓના જાણવા સારૂ આ નાનો રીસાલો છપાવી પ્રગટ કર્યો છે અને અમો ઉમેદ રાખીએ છીએ કે અમારા બધા ભાઇઓ ધ્યાન આપી વાંચી ફાયદો હાસલ કરશે.

આ રીસાલામાં તમામ મસાએલ અને અહકામ જામે અભાસીમાંથી લખ્યા છે.

નોટઃ—

આ અહકામ અને મસાએલ ઘણું કરીને મસજીદના તે ભાગ સાથે સંબંધ રાખે છે, જે ભાગમાં નીમાઝ પડવામાં આવે છે.

કરાચી,	ખાદમે કોમ,
શાહબાન ૧૩૩૭	ગુલામરસુલ હાજી રમઝાન હાશમ
મે, ૧૯૧૯.	સેક્રેટરી, અલવીયા એસોસીએશન.

બિસ્મીલ્લાહ હીર રહમા નિર રહીમ.

મસજીદના મસાએલ.

જાણવું જોઇએ કે ૪૦ ચાલીસ બાબતો એટલે મસા એલ મસજીદ સાથે સંબંધ રાખે છે. જેઓમાંથી ૧૨ બાર સુન્નત છે અને ૧૭ સતર મકરૂહ અને ૧૧ અગી આર હરામ છે.

બયાન ૧૨ બાર સુન્નતી મસાએલના.

(૧) મસજીદની ઈમારત બહુજ નીચી અથવા બહુજ ઉંચી હોવી ન જોઇએ

(૨) તાહુરત કરવાની જગા મસજીદની બાહેર દરવાજા પાસે હોવી જોઇએ.

(૩) મસજીદમાં જાતી વખતે જમણો પગ પહેલાં અંદર મુકવો જોઇએ અને બહાર નીકળતી વખતે ડાબો પગ પહેલા કાઢવો જોઇએ.

(૪) મસજીદમાં જતા પહેલાં પોતાના જોડાને તપાસીને જોવા જોઇએ કે તે નીજીસ નથી.

(૫) મસજીદમાં દાખલ થતી વખતે આ નીચે પ્રમાણે દુવા વાંચવી જોઇએ.

بسم الله و السلام علی رسول الله وصلواه الله
وصلواه ملائكته علي محمد وال محمد و السلام
عليهم ورحمة الله وبركاه رب اغفرلي ذنوبي
و فتح لي ابواب فضلک ـ

ખુદાનું નામ લઇને (શરૂ કરૂંછું) અને રસુલીલ્લાહ પર સલામ હોય. અને મહુમદ અને આલેમહુમદ પર ખુદાની રહેમત અને મલાયેકોની રહેમત પહોચે. તેઓ પર ખુદાની સલામ હોય અને તેઓ (મહુમદ અને આલેમહુમદ) પર રહેમત અને બરકત (નાજલ થાય) ઓ ખુદા! તું મારા (બધા) ગુન્હાઓને માફ કર અને મારા માટે પોતાના ફજલના દરવાજા ઉઘાડ.

(૬) નીકળતી વખતે પણ આ ઉપરની દુવા પડવી જોઇએ.

(૭) મસજીદમાં વુઝુ કરીને જવું.

(૮) મસજીદમાં ઘણી વખત જવું અને મસજીદ ખુશબુ દાર કરવું.

(૯) મસજીદમાં દાખલ થઈ બેરરકાઅત નમાઝે તહહીય એટલે તઅઝીમે મસજીદની પડે અને નીયત નીમાઝે તહીય[illegible] કરે જેવી રીતે કે સવારની નમાઝ પડીએ છીએ.

(૧૦) મસજીદમાં કીબ્બલાની સામે બેસવું અને ખુદાની તારીફ કરવી. અને પયેગમ્બર સ. ઉપર દુરૂદ અને સલવાત પડવી અને પોતાની હાજતો ખુદાની પાસેથી માગવી.

(૧૧) મસજીદમાં બતી બાળવી.

હદીસ.

હઝરત રસુલે ખુદા સલઅમે ફરમાવ્યું છે કે જે કોઇ મસજીદમાં બતી રોશન કરશે તેના માટે જ્યાં સુધી તે બતી બળતી રહેશે ત્યાં સુધી તમામ ફીરસ્તા અને હામલાને અરશ ઇસ્તગફાર કરતાં રહેશે

(૧૨) મસજીદમાંથી ઝા[illegible] કાઢવુ ખાસ કરીને ગુરૂવાર જુમેરાતના દિવસે અને શુકર[illegible]ર (જુમ્માને) દિવસે સુન્નત છે.

હદીસ.

સાતમો ઇમામ હઝરત ઇમામ મુસ્સાએ કાઝમ અલ્લે હીસ્સલામ ફરમાવે છે કે હઝ[illegible] પયગમ્બર સલઅમે ફરમાવ્યુ છે કે જે માણસ જુમા[illegible]રાત્રે તથા જુમ્માના દિવસે મસજીદમાંથી ઝાડુ કાઢશે [illegible] ,ભલે તે ઝાડુ એટલું હોય કે જેટલો સુરમો આંખમાં નાખે તેટલું ઝાડુ પણ જો મસજીદ માંથી બહાર કાઢશે તો હકકતાઅલ્લા તેના તમામ ગુનાહ માફ કરે છે.

બયાન ૧૭ મકરૂહ મસાએલના.

(૧) મસજીદની દીવાલ કુંગરીદાર છઝાંરીવાળી કરવી મકરૂહ છે.

(૨) મસજીદમાં જોરથી વાત કરવી તથા શોર મચાવવો મકરૂહ છે.

(૩) મસજીદમાં તલવાર ગીલ્લાફ એટલે મીયાન માંથી બાહર કાઢવી મકરૂહ છે.

(૪) મસજીદમાં ખરાબ કવીતાઓ વાંચવી મકરૂહ છે.

(૫) મસજીદમાં સુવું મકરૂહ છે.

(૬) મસજીદમાં ખરીદવું અથવા વેચવું મકરૂહ છે.

(૭) મસજીદમાં દુનીઆની વાતો કરવી મકરૂહ છે.

(૮) બચ્ચાઓ અને ઘેલાઓ અને નાસમજ બચ્ચાઓને મસજીદની અંદર જવા ું મકરૂહ છે.

(૯) પેસાબ અથવા પ ખાનાની પછી મસજીદમાં બેસી વુજુ કરવું મકરૂહ છે.

(૧૦) મસજીદમાં દુંટી ટલે (નાફ) થી લઇને ગોઠણ સુધી અંગ ઉઘાડું કરવું મક: છે.

(૧૧) મસજીદમાં કોઇં ાજા કરવી મકરૂહ છે.

(૧૨) મસજીદની દીવા પર ગુલકારી એટલે નકશી અને નીરજીવ ચીજોની તસ ા કઢાવવી અથવા ટાંગવી મકરૂહ છે.

(૧૩) મસજીદમાં થુંકવું અને શેડા કાઢવા મકરૂહ છે.

(૧૪) લસણ ડુંગરી અથવા બદબુ આપવાવાળી ચીજો ખાઇને મસજીદમાં જવું મકરૂહ છે.

(૧૫) મસજીદને નીશાળ વગેરે બનાવવી મકરૂહ છે.

(૧૬) મસજીદમાં બેસી કોઇ પણ દુનીઆનું કામકાજ કરવું ખાસ કરીને હજામત કરાવવી મકરૂહ છે.

(૧૭) મસજીદમાં ફારસી તુરકી અથવા હીન્દી વગેરે વાત કરવી મકરૂહ છે. એટલે અરબ્બી ભાષા સિવાય બીજી કોઇ પણ ભાષામાં વાત કરવી મકરૂહ છે. પણ જો કદાચ માણસો અરબ્બી ભાષા ન જાણતા હોય અને અરબ્બીમાં ન વાત કરી શકતા હોય તો તે વખતે કરાહત દુર થઈ જાય છે. અને પોતાની બોલીમાં વાત કરી શકે છે.

બયાન ૧૧ હરામ મસાએલના.

(૧) મસજીદને સોનાથી નકશી કરવી હરામ છે.

(૨) મસજીદની કાકરીઓ અથવા પત્થર વગેરે જે મસજીદમાં લાગેલ છે તે બહાર કાઢી ફેંકી દેવા હરામ છે.

(૩) કોઈ પણ નજીસ ચીજ મસજીદમાં લઈ જવી હરામ છે જો કે તે મસજીદને નજીસ કરતી નથી.

(૪) જનાબત અને હેઝ અને નીફાસની હાલતમાં મસજીદમા આવવુ અને રહેવુ હરામ છે

(૫) મસજીદનુ વકફ થએલુ ફરશ કે ઇ બીજી જગા એ બાંધવુ [illegible] હરામ

(૬) કોઈ પણ નજીસ ચીજને મસજીદમા પાક કરવી હરામ છે પછી ભલે મસજીદના હોઝ કુર અથવા નહેરમાં પાક કરે.

(૭) મસજીદની જમીન પોતાની જગા સાથે મીલાવી દેવી અથવા સડક અથવા રસ્તામા મેલવવી હરામ છે.

(૮) મસજીદને કબ્રસ્તાન બનાવવુ એટલે મયતને મસજીદની અંદર દફન કરવુ હરામ છે

(૯) જાનદાર એટલે સાંસ વારી કોઈ પણ ચીજની તસવીર ફોટો વગેરે મસજીદની દીવાલે ઉપર કઢાવવું ટાંગવું હરામ છે

(૧૦) મસજીદનો સામાન જે પડી જાય અને તે કામમાં ન આવી શકતો હોય તે બીજી કોઇ પણ મસજીદના વપરાશમા આવી શકતો હોય તો ભલે નહી તો બીજા કોઇ કામમાં લાવવો હરામ છે.

(૧૧) મસજીદના અંદર ઝાડ વાવવું હરામ છે.